# ડેરી વિજ્ઞાન કેન્દ્ર, શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા નિમિત્તે મહિલા કૃષિ દિવસની ઉજવણી

ડેરી વિજ્ઞાન કેન્દ્ર, શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા નિમિત્તે મહિલા કૃષિ દિવસની ઉજવણી તા. ૦૬ /૦૮/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ૧૬૦ મહિલાઓ હાજર રહેલ હતી.

આ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો ડૉ. આર. જે. મોદી, મદદનીશ પ્રાધ્યાપક, એલ.પી.એમ. વિભાગ, વેટરનરી કોલેજ અને ડૉ. એ. કે. જૈન, મદદનીશ પ્રાધ્યાપક, ડેરી કેમેસ્ટ્રી વિભાગ, શેઠ મ.છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય નું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ડૉ. આર. જે. મોદી દ્વારા પશુપાલનમાં પશુમાવજત અને તેનું મહત્વ વિષેની માહિતી આપવામાં આવેલ હતી. ડૉ. એ. કે. જૈન દ્વારા ખેડૂત મહિલાઓને સ્વચ્છ દૂધ ઉત્પાદન અને દૂધનું મૂલ્યવર્ધન વિષેની માહિતી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ ડૉ.એસ.જે.જાદવ ઇ/ચા હેડ અને મદદનીશ પ્રાધ્યાપક, ડિવિકે દ્વારા આદર્શ પશુપાલન અને મહિલા સશક્તિકરણ વિષેની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ દરેક મહિલાઓને પુસ્તક “દૂધનું મૂલ્યવર્ધન- સફળતાની ચાવી ” આપવામાં આવેલ હતી.







